પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૪ | ૫ એપ્રિલ, ૨૦૨૧, સોમવાર; ફાગણ વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

**વીર શહીદોને સો સો સલામ**

# ભારતે ૨૨ સપૂતો ગુમાવ્યા

## છત્તીસગઢના બીજાપુરમાં નક્સલીઓ સાથેની અથડામણમાં ૨૨ જવાનો શહીદ

**છત્તીસગઢમાં ૭૦૦થી વધુ જવાનોને ઘેરીને હુમલો : ગોરનાગુડા-ટેકલગુડાની પહાડીઓ વચ્ચે ૬૦૦થી વધુ નક્સલીઓએ જવાનોને એમ્બુશમાં ફસાવ્યા અને તેમના પર ઘાતક હથિયારોથી હુમલો કર્યો**

રાયપુર,તા.૪

છત્તીસગઢના નક્સલ પ્રભાવિત બીજાપુરમાં શનિવારે નક્સલીઓએ ૭૦૦ કરતા પણ વધારે જવાનોને ઘેરીને તેમના પર હુમલો કરી દીધો હતો. બીજાપુરના એસપીએ જણાવ્યું કે, નક્સલીઓ સાથે થયેલી આ અથડામણમાં ૨૨ જવાન શહીદ થયા છે અને અનેક જવાન લાપતા છે. નક્સલીઓએ બે ડઝન કરતા પણ વધારે સુરક્ષાકર્મીઓ પાસેથી તેમના હથિયારો છીનવી લીધા છે.





લાપતા જવાનોને શોધવા માટે રવિવારે વહેલી સવારથી સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે અને સુરક્ષા દળોને ઘટના સ્થળેથી ૧૭ લાપતા જવાનોના શબ મળી આવ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ, છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલે આ ઘટનાને લઈ દુખ વ્યક્ત કર્યું છે. ગૃહ મંત્રી શાહે મુખ્યમંત્રીને ફોન કરીને તેમના પાસેથી સમગ્ર હુમલા અંગેની જાણકારી મેળવી હતી. સીએમ બઘેલ આસામમાં પ્રચાર કરવા ગયેલા છે અને રવિવાર સાંજ સુધીમાં તેઓ છત્તીસગઢ પહોંચ્યા હતા. સુરક્ષા દળોને જોનાગુડાની પહાડીઓ પર નક્સલીઓએ ડેરો જમાવ્યો હોવાની સૂચના મળી હતી. ત્યાર બાદ શુક્રવારે રાતે બીજાપુર અને સુકમા જિલ્લાના કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળની કોબરા બટાલિયન, ડીઆરજી અને એસટીએફના સંયુક્ત દળના નક્સલ વિરોધી અભિયાન

● અનુસંધાન પાન-૭ પર

## કોરોના વ્યાપને જોતાં મીની લોકડાઉન જરૂરી : ગુલેરિયા

**કોરોના ફેલાઈ રહ્યો હોવા છતાં લોકો માસ્ક નથી પહેરી રહ્યા અને સોશિયલ ડિસ્ટન્સિંગનુ પાલન નથી કરી રહ્યા**

નવી દિલ્હી, તા.૪

દેશમાં કોરોનાનુ સંક્રમણ નવેસરથી હાહાકાર મચાવી રહ્યુ છે ત્યારે એઈમ્સના ડાયરેક્ટર ડો.રણદીપ ગુલેરિયાએ ચેતવણી આપી છે કે, આ મહિને કોરોનાની નવી લહેર ચરમસીમાએ પહોંચી શકે છે અને ભારતમાં આ જીવલેણ બીમારીને રોકવા માટે મિની લોકડાઉનની જરુર છે. આ પહેલા તેમણે કહ્યુ હતુ કે, કોરોનાને લઈને દેશમાં ચિંતાજનક સ્થિતિ છે. કારણકે છેલ્લા કેટલાક દિવસથી કોરોનાના દર્દીઓની સંખ્યા ચોંકાવનારી ઝડપે વધી રહી છે. ડો.ગુલેરિયા કોરોના માટેની રાષ્ટ્રિય ટાસ્ક ફોર્સના સભ્ય પણ છે.

● અનુસંધાન પાન-૭ પર

## દેશમાં કોરોના ગંભીર : ૯૩,૨૪૯ નવા કેસ

ન્યુ દિલ્હી, તા.૪

ફરી એકવાર દેશમાં કોરોનાના દર્દીઓમાં વધારો થયો છે, તાજા આંકડાઓ ડરાવનારા છે. રવિવારે સ્વાસ્થ્યમંત્રાલય તરફથી જાહેર આંકડાઓ મુજબ દેશમાં ગત ૨૪ કલાકમાં ૯૩,૨૪૯ નવા કોરોનાના કેસ સામે આવ્યા છે, જે ઓક્ટોબર ૨૦૨૦ બાદ સામે આવેલા અત્યાર સુધીના સૌથી વધુ આંકડા છે.

ગત ૨૪ કલાકમાં કોરોનાથી ૫૧૩ લોકોનાં મોત થયાં છે, જે બાદ દેશમાં કોરોના સંક્રમિતોની કુલ સંખ્યા ૧,૨૪,૮૫,૫૦૯ થઈ ગઈ અને કુલ મોતનો આંકડો ૧,૬૪,૬૨૩ પર પહોંચી ગયો છે. દેશમાં એક્ટિવ કેસ ૬,૯૧,૫૯૭ ઠે ડ્આકે ૧,૧૬,૨૯,૨૮ લોકો હોસ્પિટલેથી ડિસ્ચાર્જ થઈ ચૂક્યા છે, જ્યારે દેશમાં અત્યાર સુધી ૭,૫૯,૭૯,૬૫૧ લોકોને કોરોના વેક્સીન આપવામાં આવી છે.

કોરોનાથી સૌથી વધુ ગ્રસિત મહારાષ્ટ્ર છે, જ્યાંની સ્થિતિ ઘણી ચિંતાજનક બની ગઈ છે. કોરોનાના લપેટામાં કેટલાય બોલીવુડ અભિનેતા અને અભિનેત્રીઓ આવી ચૂક્યાં છે. સુપરસ્ટાર અક્ષય કુમાર પણ આજે કોરોના સંક્રમિત નિકળ્યો છે, જે બાદ તેમણે ખુદને હોમ ક્વોરેન્ટાઈન કરી લીધા છે.

જણાવી દઈએ કે દેશમાં કોવિડ૧૯થી સૌથી વધુ પ્રભાવિત રાજ્ય મહારાષ્ટ્ર છે. પ્રદેશની રાજધાની મુંબઈમાં સંક્રમણ તેજીથી વધતું જઈ રહ્યું છે. શનિવારે અહીં પાછલા ૨૪ કલાકમાં ૯ હજારથી વધુ નવા દર્દીઓ મળ્યા જ્યારે આ દરમ્યાન ૨૭ લોકોનાં મોત થયાં છે. જ્યારે ઉત્તર પ્રદેશમાં પણ કોરોનાના મામલામાં તેજી આવી છે. ખાસ કરીને ઉત્તર પ્રદેશની રાજધાની લખનઉમાં મામલા

● અનુસંધાન પાન-૭ પર



GOOD HEALTH
પેથોલોજી લેબોરેટરી અને OPD સેન્ટર

દરેક પ્રોફાઈલની ફ્રી હોમ વિઝીટ માટે Call કરો
+91 8238059944
WhatsApp No. : 8000035644

નીચેના પેકેજીસ તા. ૦૧-૦૪-૨૦૨૧ થી લાગુ પડશે.

૧ બેઝીક પ્રોફાઈલ ~~1,500/-~~ @ Rs.850/-
CBC (18) • FBS(1) • CREATININE (1) • SGPT (1) • URICACID (1) LIPID PROFILE (1) • URINE EXAMINATION (20)

૨ એડવાન્સ પ્રોફાઈલ ~~3,400/-~~ @ Rs. 2,000/-
CBC(18) • FBS(1) • RENAL PROFILE(2) • LIVER PROFILE(5) • CALCIUM(1) • URICACID(1) • LIPID PROFILE (2) TSH (1) • VITAMIN B12 (1) URINE EXAMINATION (20)

3 એક્ઝીક્યુટીવ પ્રોફાઈલ ~~4,400/-~~ @ Rs. 2,700/-
CBC(18) • FBS(1) • RENAL PROFILE(2) • LIVER PROFILE(6) • CALCIUM(1) • URICACID(1) • LIPID PROFILE (7) TSH (1) • VITAMIN B12 (1) • VITAMIN D(1) • URINE EXAMINATION (20)

૪ સીનીયર સીટીઝન પ્રોફાઈલ ~~4,600/-~~ @ Rs. 3,000/-
CBC(18) • FBS(1) • RENAL PROFILE (2) LIVER PROFILE (7) • CALCIUM (1) • URICACID (1) • LIPID PROFILE(7) URINE EXAMINATION (20) • HBA1C (2) • TSH (1) • VITAMIN B12 (1) • VITAMIN D (1) • ECG(1)

૫ ડાયાબીટીસ પ્રોફાઈલ ~~1,700/-~~ @ Rs. 1,200/-
CBC(18) • FBS(1) • PPBS (1) • CREATININE (1) • SGPT (1) • LIPID PROFILE (7) • HBA1C (2) URINE EXAMINATION (20)

૬ કોવીડ વેલ પ્રોફાઈલ ~~3,000/-~~ @ Rs. 2,700/-
CBC(18) • RBS(1)• CREATININE(1) • SGPT (1) • CRP (1) • D-DIMER (1) • LDH(1) • FERRITIN (1)

૭ પોસ્ટ કોવીડ વેલ પ્રોફાઈલ ~~1,430/-~~ @ Rs. 1,100/-
CBC(18) • CRP (1) • D-DIMER (1)

૮ થાઈરોઈડ પ્રોફાઈલ T3 • T4 • TSH ~~600/-~~ @ Rs. 400/-

૯ વિટામીન બી-૧૨ ~~800/-~~ @ Rs. 400/-

૧૦ વિટામીન ડી ~~1000/-~~ @ Rs. 700/-

● દરેક ટેસ્ટ પ્રોફાઈલમાં ડૉક્ટર દ્વારા ફ્રી કન્સલ્ટેશન એપોઈન્ટમેન્ટ બેઝીઝ પર ઉપલબ્ધ

સ્થળ : દુકાન નં ૧૦૪, પહેલો માળ, પ્રમુખ ટેન્જેન્ટ, સરગાસણ ચોકડી, ગાંધીનગર

FIGHT CORONA M. 90998 72551
સેનેટાઈઝ સર્વિસ
ફ્લેટ | બંગલો | ઓફીસ | બિલ્ડીંગ
૫ લિટર સેનેટાઈઝર તથા ૫ N95 માસ્ક ફ્રી આપવામાં આવશે.
FDA & ISO સર્ટીફીકેટ વાળા સેનેટાઈઝર સ્પ્રે થી ક્વોરનટાઈન પહેલા અને પછી પણ સર્વિસ આપવામાં આવશે.

## મહારાષ્ટ્રમાં શનિ-રવિએ સંપૂર્ણ લોકડાઉનના આદેશ

**સમગ્ર રાજ્યમાં રાત્રે ૮ કલાકથી સવારે ૭ કલાક સુધી નાઈટ કર્ફ્યુ**

મુંબઈ, તા.૪

સતત વધી રહેલા કોરોના વાયરસના કેસથી મહારાષ્ટ્ર સરકાર પરેશાન છે. રાજ્યમાં ગઈકાલે ૪૯ હજારથી વધુ કેસ સામે આવ્યા હતા. પ્રદેશમાં નવા કેસની સાથે મૃત્યુઆંક સતત વધી રહ્યો છે. આ વચ્ચે આજે મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ એક મહત્વપૂર્ણ બેઠક બોલાવી હતી. આ બેઠકમાં રાજ્યમાં આકરા પ્રતિબંધો લાગૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. બેઠકમાં કોરોનાના નિયમો કડક બનાવવાની વાત કરવામાં આવી છે. મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં આજે યોજાયેલી બેઠકમાં રાજ્યમાં રાત્રી કર્ફ્યૂ લાગૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. રાજ્યભરમાં રાત્રે ૮ કલાકથી સવારે ૭ કલાક સુધી જરૂરી વસ્તુઓ સિવાય બધુ બંધ રહેશે. રેસ્ટોરન્ટમાં માત્ર પાર્સલની સુવિધા ઉપલબ્ધ રહેશે. તો સરકારી ઓફિસોમાં ૫૦ ટકા કર્મચારીઓ સાથે કામ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. અન્ય ખાનગી ઓફિસોમાં કર્મચારીઓને વર્ક ફ્રોમ હોમ આપવાનો આદેશ આપવામાં આવ્યો છે. રાજ્યમાં સતત વધી રહેલા કોરોના સંક્રમણને રોકવા માટે રાજ્ય સરકારે વીકેન્ડ એટલે કે શનિ-રવિવારે સંપૂર્ણ બંધ રાખવાનો આદેશ કર્યો છે. શુક્રવારે રાત્રે ૮ કલાકથી સોમવારે સવારે ૭ કલાક સુધી રાજ્યમાં તત્કાલ સેવાઓ સિવાય બધુ બંધ રહેશે. આ તમામ નિયમો ૩૦ એપ્રિલ સુધી લાગૂ રહેશે.

### મહારાષ્ટ્રમાં ધોરણ આઠ સુધીના વિદ્યાર્થીઓને માસ પ્રમોસન

મુંબઈ, તા.૪

મહારાષ્ટ્રના ધોરણ એકથી આઠ સુધીના બધા જ વિદ્યાર્થીઓને વાર્ષિક પરીક્ષા લીધા વગર જ માસ પ્રમોસન આપી પાસ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાની અને ધોરણ ૯ અને ૧૧ના વિદ્યાર્થીઓ વિશે ટૂંક સમયમાં નિર્ણય લેવાની જાહેરાત રાજ્યના શિક્ષણ પ્રધાન વર્ષા ગાયકવાડે કરી હતી.

જાહેરાતમાં એમણે જણાવ્યું હતું કે વાર્ષિક પરીક્ષા લીધા વગર જ મહારાષ્ટ્રના ધોરણ એકથી આઠ સુધીના બધા જ વિદ્યાર્થીઓને આગલા વર્ગમાં માસ પ્રમોસન કરવામાં આવશે.

મકાન ભાડે આપવાનું છે
ટેનામેન્ટ, ૯૦ ચો.મી., ગ્રાઉન્ડ ફ્લોર, બેંક અધિકારીને લાયક, ફક્ત ફેમીલી માટે, સેમી ફર્નિશીંગ, ઘ-૧, ઘ-૨ની વચ્ચે
મો. ૭૫૭૩૦૩૫૦૩૫
મો. ૮૧૪૧૧૮૪૬૫૬
(દલાલ માફ)

### શ્રદ્ધાંજલિ



કુસુમબેન જાદવભાઈ સોલંકી
પ્લોટ નં. ૨૨૯/૨, સેક્ટર-૩એ-ન્યૂ

મારા પરમ પૂજ્ય માતૃશ્રી ગાંધીનગર નિવાસી **શ્રીમતી કુસુમબેન જાદવભાઈ સોલંકી**નું તારીખ : ૪/૪/૨૦૨૧ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

પ્રભુને ગમ્યું તે ખરું.

પ્રવર્તમાન પરિસ્થિતિનો અનુલક્ષીને ટેલિફોનિક બેસણું તારીખ ૬ઠ્ઠી એપ્રિલ, ૨૦૨૧, મંગળવારના રોજ રાખેલ છે.

| | |
|---|---|
| જગદીશભાઈ જે. સોલંકી | ૯૩૨૮૦ ૪૧૦૬૧ |
| જયશ્રી દેવાંગણ | ૯૮૨૫૦ ૦૦૯૬૧ |
| રાજેશ જે. સોલંકી | ૯૮૨૫૦ ૯૮૪૮૬ |
| મહેન્દ્રકુમાર આર. ભરાવા | ૯૮૨૫૩ ૫૬૮૦૬ |
| ગીતા એમ. ભરાવા | ૯૪૨૬૮ ૨૨૬૩૮ |
| હરેશ જે. સોલંકી | ૭૬૦૦૧૮૧૭૨૨ |
| ડો. પરેશ જે. આચાર્ય | ૯૮૭૯૨૬૯૦૨૦ |

હાર્દિક અભિનંદન



સ્વ. સવજીભાઈ કોરાટ (જેતપુર) જેઓ ગુજરાત સરકારમાં માર્ગ મકાન મંત્રીપદે હતા તે સમયે મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતના જુદા જુદા પાટીદાર સમાજોને એકત્રિત કર્યા અને સમાજમાંથી કુરિવાજો બંધ કરાવવા પ્રયાસ કર્યો તથા સમૂહલગ્નને પ્રોત્સાહન આપી મોટી સામાજિક સેવા કરી હતી.

પોતાના જીવનકાળમાં જનતાની નિસ્વાર્થ સેવા,નીડરતા અને પ્રામાણિકતા તેમજ વહીવટકુશળતા જેવા ગુણો થકી લોકહૃદયમાં 'છોટે સરદાર'નું સ્થાન મેળવનાર સ્વ. સવજીભાઈ કોરાટ સાહેબના પુત્ર શ્રી પ્રશાંતભાઈ કોરાટને ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ યુવા મોરચાના પ્રમુખ તરીકે નિયુક્ત થવા બદલ અમારા ખુબ ખુબ અભિનંદન તેમજ ઉજ્જ્વળ અને યશસ્વી જાહેરજીવન માટે હૃદયપૂર્વકની શુભેચ્છાઓ.

શ્રી પ્રશાંત સવજીભાઈ કોરાટ
પ્રમુખ
ગુજરાત પ્રદેશ ભાજપ યુવા મોરચો

ઉરેન એલ. પટેલ
મહામંત્રી
(ઉવારસદ)

જે. એસ. પટેલ
પ્રમુખ
(ઉનાવા)

ગાંધીનગર જિલ્લા લેઉવા પાટીદાર મંડળ